મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૩૭ ટકા
ગાંધીનગર તાપમાન

આજે શહેરમાં હોળીનું પર્વ ઉજવાશે

શહેરમાં સૌથી વધુ સ્થળે હોળી-દહન યોજાશે : હોળીની પવિત્ર જવાળામાં ધાણી-ખજૂર-નાળિયેર હોમાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં આસુરી શકિત પર વિજયનું પર્વ હોળી પરંપરાગત રીતે ઉજવાશે. શહેરમાં દરેક સેકટરમાં હોળી દહન યોજાશે. આ ઉપરાંત શ્રધ્ધાળુઓ આજે દાન-પુણ્યના કાર્યો હાથ ધરશે. ગાંધીનગરના પાલજ ખાતે મહાકાળી માતાના મંદિરે હોળી દહન બાદ તેના અંગારા પર શ્રધ્ધાળુઓના ચાલવાની પ્રથા છે તે મજુબ યુવાનો સળગતા અંગારા પર ચાલશે. હોળી દહનની જવાળાઓમાં શ્રધ્ધાળુઓ ધાણી-ખજૂર, નાળિયેર વગેરેની આહુતિ આપશે.

હોળીનું પર્વ ભકત પ્રહલાદ અને હોલિકાની પૌરાણિક કથા સાથે સંકળાયેલું છે. જેમાં આસુરી શકિત ધરાવતા હોલિકા પ્રહલાદને ભસ્મ કરી નાંખવાના હેતુથી પોતાને અગ્નિ બાળી ના શકે તેવું વરદાન હોવાથી ખોળામાં લઈને અગ્નિમાં બેસે છે પરંતુ અહીં શ્રધ્ધાનો વિજય થાય છે અને ભકત પ્રહલાદને ઉની આંચ પણ આવતી નથી. જયારે મલિન ઈરાદા ધરાવતી હોલિકા પોતે બળીને રાખ થઈ જવા પામે છે. આ પર્વને આસુરી શકિત પર વિજયના પર્વ તરીકે ઉજવવામાં આવે છે અને હોળી પ્રગટાવવામાં આવે છે. ગાંધીનગરમાં આશરે ૧૦૦થી વધુ જગ્યાએ હોળી દહન યોજાય છે જેમાં તમામ સેકટરોના કોમન પ્લોટ અથવા શોપીંગ સેન્ટર્સ પાસે તથા ખુલ્લા ચોકમાં હોળી દહન કરવામાં આવે છે.

છેલ્લા ૨ વર્ષથી ગાંધીનગરમાં હોળી પ્રગટાવવા માટે વનવિભાગ દ્વારા સુકાં લાકડાં આપવામાં આનાકાની કરવામાં આવી હતી પરંતુ આ બાબતે મુખ્યમંત્રી કક્ષાએ રજૂઆતો થયા બાદ આ વર્ષે વનતંત્ર શહેરના હોળી દહનના કાર્યક્રમો માટે સુકાં લાકડા આપવાનું છે જેથી આયોજકોમાં આનંદની લાગણી પ્રવર્તી રહી છે. આ ઉપરાંત હોળીનું પર્વ મૂંગા પશુ-પ્રાણીઓને ચારો તથા અબોલ પંખીઓને ચણ નીરવાનું પુણ્ય કમાવવાનું પર્વ પણ છે. હોળી દહન બાદ બાળકો ધાણી-ખજૂરનો પ્રસાદ આરોગશે અને ખેડૂતો હોળીની જવાળાઓને આધારે આવતા ચોમાસાનાં વર્તારા લશે.

પાલજની હોળીના અંગારા પર શ્રધ્ધાળુઓ ચાલશે

ગાંધીનગર પાસેના પાલજ ખાતે મહાકાળી માતાજીના મંદિરે પ્રગટાવાતી જોળી ખૂબ જ પ્રસિધ્ધ છે. કેમ કે અહીં હોળી દહન બાદ તેના ધગધગતા અંગારા પર શ્રધ્ધાળુઓ ખુલ્લા પગે ચાલે છે. આ પરંપરાને નિહાળવા પણ અનેક નાગરિકો મોટી સંખ્યામાં એકઠાં થાય છે.

@ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની માસિક બેઠક બપોરે ૪.૩૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજો માળ, સે-૨૨ ખાતે યોજાશે.

● શ્રી પાલજ મહાકાળી માતા ટ્રસ્ટ દ્વારા સાંજે ૬.૦૦ કલાકે પાલજ ગામ મહાકાળી મંદિર પાસે હોળી પ્રગટાવવામાં આવશે.

● સંસ્કાર ગૃપ દ્વારા ૫.૩૦ કલાકે સે-૭ બગીચા ખાતે હોળીની ઉજવણી કરાશે. જેમાં હોળીનો મહિમા સમજાવી ચંદન અને કંકુથી બાળકો તથા યુવાનોને ચંદન તિલક કરી કેસૂડાના ફૂલોથી રંગવામાં આવશે તથા અંતમાં પ્રસાદી રૂપે ધાણી અને ખજૂરનું વિતરણ થશે.

હાશ... ગાડીઓમાંથી ટાયરો ચોરતી ગેંગ પકડાઈ ...!

સાત ગાડીઓની ટાયર ચોરીના ભેદ ઉકેલાયા : એલસીબીની ટીમે ૨૮ ટાયરો અને ચાહ વાહનો કબ્જે લીધા : પકડાયેલા ચારેય શખ્સો આર્થિક રીતે સુખી...!

ગાંધીનગર, તા.૨૮

પાટનગરમાં તરખાટ મચાવી દેનાર ટાયર ચોરતી ગેંગ હવે ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી જતા પાટનગરવાસીઓએ હાશકારો અનુભવ્યો છે. રાત્રે ઘરઆંગણે ગાડી પાર્ક કરી હોય તો જ ગાડી સવારે ટાયર વગરની થઈ ગઈ હોય...અનેક ગાડી માલિકો આ ટાયરો ચોરતી ગેંગના શિકાર બની ચુકયા છે. ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીદારો સક્રિય કરીને ટાયર ચોરતી ગેંગના ચાર સાગરીતોને દબોચી લીધા છે. નવાઈની વાત તો એ છે કે ચારેય ગાંધીનગરના રહેવાસી છે અને ચાર પૈકી એકેય આર્થિક રીતે નબળો નથી તેમ છતાં રવાડે ચઢી ગયા હતાં. એલસીબીની ટીમે ૨૮ ટાયરો અને ચાર વાહનો કબ્જે લઈ ચારેયની ધરપકડ કરી લઈ સાત ગાડીઓની ટાયર ચોરીના ભેદ ઉકેલી નાંખ્યા છે. ચારેય શખ્સોની ઝીણવટભરી પુછપરછ શરુ કરવામાં આવી છે.

બે મહિનાથી પાટનગરના અલગ અલગ સેકટરોમાંથી ગાડીના ટાયરો ચોરીને ગાડી નીચે સિમેન્ટના બ્લોક મુકી ટાયરો લઈ જતી ગેંગે પોલિસ અને પ્રજાના નાકે દમ લાવી દીધો હતો. એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમો આ ગેંગને પકડવા સક્રીય હતી દરમિયાન પીએસઆઈ એમ.જે. શિંદે તથા કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને પેટ્રોલીગમાં હતા ત્યારે ચોકકસ બાતમી મળી હતી કે સેકટર-૨૯માં જ-ટાઈપ બ્લોક નં. ૧૩૪/૪ માં રહેતો અને પોલિસ ભવનમાં કલાર્ક તરીકે નોકરી કરતો કર્મચારી જૈનુલ આબેદિન સફીયુદ્દીન સૈયદ પોતાના સાગરીતો સાથે મળીને ગાડીઓમાંથી ટાયરો ચોરી કરે છે જે આધારે સવારે જૈનુલ આબેદિનના ઘરે તપાસ કરતાં જૈનુલ તેના સાગરીતો સાથે એક બલેનો ગાડી નં. જીજે ૧૮ બી.ઈ. ૪૦૫૮ તેમજ એક નંબર પ્લેટ વગરની સ્વીફટ સાથે તેના સાગરિતો સિધ્ધાર્થ ઉર્ફે વિજય હિંમત જાદવ, નિલેષ ઉર્ફે નીક ગણેશ વણકર અને મયંક ઈશ્વર રાઠોડ મળી ચાર શખ્સોને પકડી પાડયા હતા. બંને ગાડીઓમાં તપાસ કરતા ૧૬ ટાયરો મળી આવ્યા હતા. પકડાયેલા ચારેયની ઉંડી પુછપરછમાં અલગ અલગ સાત સ્થળોની ટાયર ચોરીના ભેદ ઉકેલાયા છે. જેમાં ચોથી જાન્યુઆરીએ સે-૭માંથી બલેનો ગાડીના, ૨૪ જાન્યુઆરીએ સે-૨૮માંથી એકસેન્ટ ગાડીના, ૨૬ જાન્યુઆરીએ સે-૬માંથી ટરેનો ગાડીના, ૧૪ ફેબ્રુઆરીએ સે-૨૬ કિસાનનગરમાંથી સ્વીફટ ગાડીના અને બીજી આઈ-૨૦ ગાડીના, ૧૭ ફેબ્રુઆરીએ સે-૨૩માંથી આઈ-૨૦ ગાડીના અને ૧૮ ફેબ્રુઆરીએ સે-૮માંથી મારૂતી સ્વીફટ ગાડીના ટાયરો આ ગેંગે ચોર્યા હોવાની સનસની કબુલાત કરી લીધી છે. એલસીબીની ટીમે ૨૮ ટાયરો, ચાર વાહનો તથા ટાયરો ચોરી કરવા વપરાતા સાધનો વ્હીલ પાનુ, ચોકડી પાનુ અને હાઈડ્રોલીક ફલેટ જેક મળીને કુલ રૂ. ૧૫.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સઘન પુછપરછ શરુ કરી છે.

પકડાયેલી ગેંગમાં કોણ-કોણ છે?

સેકટર-૨૯ બ્લોક નં. ૧૩૪/૪, જ ટાઈપ ખાતે રહેતો જૈનુલ આબેદિન સફીયુદ્દીન સૈયદ પોલીસ ભવનમાં જયાંથી પીએસઆઈ કક્ષાના અધિકારીઓની બદલીના ઓર્ડર થાય છે તે શાખામાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે. બીજો સાગરીત સે-૭, ચ ટાઈપ બ્લોક નં. ૨૧૩/૧માં રહેતો સિધ્ધાર્થ ઉર્ફે વિજય હિંમતભાઈ જાદવ રાજભવનમાં ફરજ બજાવતા પીએસઆઈનો પુત્ર છે. ત્રીજો રાયસણમાં ગુડાના મકાનમાં બી-ટાઈપ મકાન નં. ૨૦૮માં રહેતા નિલેષ ઉર્ફે નિક ગણેશભાઈ વણકર નિવૃત્ત એસઆરપી જવાનનો દિકરો છે અને ચોથો સે-૨૯ જ ટાઈપ બ્લોક નં. ૧૪૮/૪માં રહેતો મંયક ઈશ્વરસિંહ રાઠોડ પશુપાલન વિભાગમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કર્મચારીનો દિકરો હોવાનું ખુલ્યું છે. ચાર પૈકી એકેયને ચોરી કરવાની જરૂર પડે તેમ ન હતું.

ગાડીના ટાયર ચોરવાનો ખ્યાલ કવી રીતે આવ્યો?

પોલિસ ભવનમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા જૈનુલને પોતાની બલેનો ગાડી છે તેની ગાડીના ટાયર ખરાબ થઈ ગયા હતા. ચારેય મિત્રો બેઠા હતા ત્યારે ટાયર બદલાવવાની વાત નીકળી! તેમાં મજાક મજાકમાં જ વિચાર રજુ થયો ક 'ટાયરો શું ખરીદવાના... રાત્રે કોઈની ગાડીમાંથી કાઢી દેવાના...' આ જ વાતને ગંભીરતાથી લઈ લેવાઈ અને રાત્રે સે-૭ની એક બલેનો ઘર આંગણે પડી રહેતી હોવાની વાત રજુ કરી રાત્રે તો ગાડીના ટાયરો કાઢી લેવાનું નક્કી કરવામાં આવ્યું...! રાત્રે સફળતાપૂર્વક બલેનોના ચારેય ટાયરો કાઢી દીધા અને કોઈ પકડાયા પણ નહીં...! ત્યાર બાદ બીજી ગાડી સે-૨૮માં એકસેન્ટને ટાર્ગેટ કરી..! તેમાં પણ સફળ રહ્યા અને પકડાયા નહીં...! હવે આવી રીતે જ ટાયરો ચોરી કરીને ખર્ચ કાઢવાનું નક્કી થયું ને તબક્કાવાર ટાયરો ચોરવાનું શરુ કરી દેવાયું...!

વાતવાતમાં

● આજે જિલ્લા પંચાયત કારોબારી સમિતિની બેઠક મળનાર છે. પંચાયતોની ચૂંટણી પછી આ બેઠક મળી રહી છે.

● રાજયના આરોગ્ય કમિશનર જયંતિ રવિએ આજે રાજયમાં સેકસ રેશિયાને લઈ ચિંતા વ્યકત કરી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી.

● માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ આજે તેમના પડતર પ્રશ્નો અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મળવા પહોંચ્યા હતા.

● જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા માણસા તાલુકામાં સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેને સારો પ્રતિસાદ સાંપડયો હતો.

● જિલ્લામાં ૬૦થી વધુ બી.આર.સી. સી.આર.સી.ની ભરતી માટે યોજાયેલ કેમ્પને અંતે પણ ૨૪ જગ્યાઓ ખાલી રહેવા પામી છે.

● આજે ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાનનો સ્થાપના દિવસ છે. જેની ઉજવણી અમદાવાદ-ગાંધીનગર માર્ગ પર આવેલ નારાયણી હાઈટસ ખાતે રાખવામાં આવી છે.

● સંસ્કૃતિકુંજમાં ચાલી રહેલા વસંતોત્સવમાં ફાયર સેફટીના સાધનોનો અભાવ તથા ફાયર કલીયરન્સ બાબતે ઉદાસીનતા રખાઈ હોય તેવું જાણવા મળ્યું છે. તાજેતરમાં મુંબઈના પબની આગની ઘટના પછી અહીં પણ મોટી મેદની એકઠી થતી હોઈ ફાયર બ્રિગેડ દ્વારા નોટીસ પાઠવવામાં આવી હોવાનું જાણમાં આવ્યું છે.

ચીટર કલ્પેશગીરી સામે વધુ એક છેતરપીંડીની ફરિયાદ

સે-૨૭નું એક બંધ મકાન બારોબાર વેચી માર્યું : રૂ. ૯.૯૫ લાખ ખંખેરી લીધા પછી કલ્પેશગીરીની ગેંગે ફોન ઉપાડવાના બંધ કરી દીધા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના કલ્પેશગીરી ગોસ્વામી સામે વધુ એક છેતરપીંડીની ફરિયાદ સે-૨૧ પોલિસ સ્ટેશનના ચોપડે નોંધાવા પામી છે. સેકટર-૨૭ના એક બંધ મકાનને બારોબારી વેચવા કાઢીને બાનાખત કરાવી રૂપિયા ખંખેરતી ગેંગ દ્વારા સે-૨૭ના મકાનને વધુ એક પાર્ટીને વેચી તબક્કાવાર રૂ. ૯.૯૫ લાખ ખંખેરી લેવાયા હોવાનું બહાર આવ્યું છે. સે-૨૭માં રહેતા મનીશ મિસ્ત્રી નામની વ્યકિતને સ્વસ્તિક સોસાયટીનું એક મકાન બતાવી મકાન માલિકનું મૃત્યુ થઈ ગયું છે. તેમનો દિકરો સહી કરી આપશે તેમ કહી બનાવટી વ્યકિતઓ ઉભા કરીને તબક્કાવાર રૂ. ૯.૯૫ લઈ લીધા બાદ આખી ગેંગે ફોન ઉપાડવાનો બંધ કરી દેતા મનીશ મિસ્ત્રીને આ બાબત ધ્યાને આવી હતી. સે-૨૧ પોલિસ સ્ટેશનમાં કલ્પેશગીરી તથા તેના સાગરીતો રાજેન્દ્ર શાહીવાલા, સોનલ શાહીવાલા, બકા ચૌધરી અને જયસ્વાલભાઈ નામના શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી પોલિસે તપાસ શરુ કરી છે.

કુડાસણમાં વોકીંગ માટે નીકળેલી મહિલાના મંગળસૂત્રની તફડંચી

ગાંધીનગર, તા.૨૮

ન્યુ ગાંધીનગરમાં ચેઈન સ્નેચીંગની ઘટના શરૂ થઈ જતા પોલિસ માટે નવો પડકાર શરૂ થયો છે. ગાંધીનગર શહેરના સેકટરમાં થતી ચેઈન સ્નેચીંગ ઠેર ઠેર લાગેલા સીસીટીવીને કારણે માંડ કાબુમાં આવી છે ત્યારે હવે ન્યુ ગાંધીનગરમાં ચેઈન સ્નેચર્સ સક્રીય થયા છે. અઠવાડીયામાં આ બીજો બનાવ બન્યો છે. મોર્નિંગ વૉક પર નીકળેલી મહિલાને ટાર્ગેટ બનાવી એકટીવા પર ત્રણ સવારી આવેલા લુંટારૂઓ બે તોલાનું મંગળસૂત્ર આંચકીને પલાયન થઈ ગયા હતા. ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે આવેલા સાર્થક સંકલ્પ એપાર્ટમેન્ટમાં રહેતી મહિલા દિપાબેન બાહુલભાઈ જોષી સવારે પોણા આઠ વાગ્યાના અરસામાં મોર્નિંગ વૉકમાં નીકળ્યા હતા ત્યારે કંસાર હોટલથી નાગરાજ ફાર્મ વચ્ચેના માર્ગ પર દિપાબેનને ટાર્ગેટ બનાવી એકટીવા લઈને ત્રણ સવારી આવેલા લુંટારૂઓ લુંટ કરી ગયા હતા. રૂ. ૪૦ હજારની કિંમતનું બે તોલા વજનનું સોનાનુ મંગળસૂત્ર દિપાબેનના ગળામાંથી ઝુંટવી લઈને મંગળસૂત્રની લુંટ કરી ત્રણેય શખ્સો એકટીવા ઉપર રફફુચક્કર થઈ ગયા હતા. મહિલાએ બુમાબુમ કરતા ટોળુ એકત્ર થઈ ગયું હતું પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચર્સ ત્રિપુટી ફરાર થઈ ચુકી હતી. આ ઘટનાની ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં જાણ કરાતા પોલિસે ગુનો દાખલ કરીને આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવવા તજવીજ શરુ કરી છે.

આજે ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન દ્વારા ગેમી ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) દ્વારા પર્યાવરણીય વિચારધારાના લક્ષ્ય સાથે અગામી તા.૧ લી માર્ચના રોજ ૨૦ મો ગેમી ડે ની ઉજવણી હોટલ નારાયણી હાઈટસ, ભાટ ખાતે બપોરે ૨-૦૦ કલાકે કરાશે.

ગેમીનાં ડાયરેકટર ડૉ. સંજીવ ત્યાગીએ જણાવ્યું છે કે ૨૦માં ગેમી ડેના ઉજવણી કાર્યક્રમમાં વૈજ્ઞાનિકો, તજજ્ઞો, સંશોધકો અને વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્વચ્છ અને આવનાર પર્યાવરણીય પરિબળો પરે કયા સંશોધનો ક્ષેત્રે કાર્ય કરી શકાય તથા જાગૃતતા અને સુરક્ષાના પર્યાવરણીય વિચારધારાનાં લક્ષ્ય સાથે વિચારોનું આદાન-પ્રદાન અને પ્રેઝન્ટેશન દ્વારા વૈજ્ઞાનિકો અને તજજ્ઞો પોતાની વિચારધારા રજુ કરશે.

આ પ્રસંગે પર્યાવરણ રાજયમંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમાર, વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલ ઉપસ્થિત રહેશે, આ કાર્યક્રમમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. નિતાશા ખત્રી, શ્રીમતી હર્ષિદા મોદી, પર્યાવરણ ઈજનેરશ્રી પરેશ ચાવડા, કુ. સ્મૃતિ પટેલ પર્યાવરણ પ્રબંધ અંગે પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપશે.

બ્રેસ્ટ કેન્સરની સમજણ અંગેનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

કચ્છ કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ ખાતે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. 'રેસ ટુ રેન ઈન કેન્સર' સંસ્થા દ્વારા આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. પ્રમુખ ડૉ. રીટા બનીક, ડૉ. ભારતી રાઠોડ, ડૉ. કલ્પના નિવાની (મુંબઈ), રોઝમેરી (કેનેડા) તેમજ વ્યસન મુકિત અભિયાનના પ્રણેતા ગુલાબચંદ પટેલ દ્વારા વ્યસનથી થતા રોગો વિષે કેવી રીતે બચી શકાય તેની સમજ આપવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ રમજુભાઈ જાડેજા, મહિલા પાંખના પ્રમુખ સુશીલાબા જાડેજા તેમજ મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી હતી.

ધાબેથી લટકતી દોરી પારેવાં માટે ગળાફાંસો બની

ભારત ઉત્સવ પ્રિય સંસ્કૃતિ ધરાવતો દેશ છે. આપણે ઉત્સવો તો જોશભેર ઉજવીએ છીએ પરંતુ ઉજવણીના મદમાં પણી જવાબદારીઓ અને નાની નાની સાવચેતીઓ જે ખૂબ અગત્યની હોય છે તેને ભૂલી જઈએ છીએ. આપણી આ બેદરકારી કયારેક કોઈના માટે જીવલેણ સાબિત થાય છે. ઉત્તરાયણનું પર્વ તો કયારનુંય વીતી ગયું અને હોળી પણ આવી પહોંચી. ઉત્તરાયણમાં પતંગની મોજ તો મન ભરીને માણી લીધી પરંતુ ધાબા પર અને જયાં ને ત્યાં લટકતી દોરીઓને દૂર કરવાનું ભૂલી ગયાં. આ બેદરકારી હજુ પણ અબોલ પક્ષીઓનો જીવ લઈ રહી છે. વાવોલના એક એપાર્ટમેન્ટના ધાબેથી લટકતી પતંગની વધેલી દોરી એક પારેવાં માટે ગળાફાંસો બનવા પામી હતી.

અદાણી શાંતિગ્રામમાંથી લોખંડનો કાટમાળા ચોરતા એક ઝડપાયો

એક હજાર કીલો કાટમાળ રીક્ષામાં ભરી રહ્યા હતા ત્યારે ગેંગ ઉપર સિકયુરીટીનું ધ્યાન પડયું : ચાર શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૨૮

અડાલજ નજીક અદાણી શાંતિગ્રામમાં લોખંડનો કાટમાળ ચોરી રહેલ ગેંગ ઉપર અદાણી શાંતિગ્રામની સિકયુરીટીનું ધ્યાન પડતા ગેંગને પકડવા પ્રયત્ન કર્યો હતો. જો કે લોખંડનો કાટમાળ ચોરી રહેલી ગેંગના ચાર સાગરીતો નાસી છુટયા હતા જયારે એક શખ્સ રંગે હાથ ઝડપાઈ ગયો હતો. આ શખ્સને એક હજાર કિલો કાટમાળ સાથે પોલિસને સોંપતા પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ફરાર થઈ ગયેલા ચાર સાગરીતોને પકડવા તજવીજ શરુ કરી છે.

અદાણી શાંતિગ્રામના સિકયુરીટી ગાર્ડ પંકજ પાંડે તેમના અન્ય ગાર્ડ સાથે અદાણી આસપાસમાં ફરી રહ્યા હતા ત્યારે શાંતિગ્રામમાંથી લોખંડના કાટમાળની ચોરી કરી રીક્ષામાં માલ ભરી રહેલી ગેંગ ઉપર નજર પડી હતી. સિકયુરીટી ગાર્ડને તેમની તરફ આવતા જોઈ ગેંગમાં નાસભાગ થઈ ગઈ હતી. ખોરજ ગામના હરદેવ ગુર્જર, મુકેશનાથ જોગી, નારણ ગુર્જર અને દશકોઈના જગતપુરનો સુરેશનાથ જોગી મળી ચાર શખ્સ ભાગી છુટયા હતા જયારે એક હજાર કિલો કાટમાળ સાથે ખોરજના ઈશ્વર શિવાલાલ ગુર્જર પકડાઈ ગયો હતો. સિકયુરીટીએ અડાલજ પોલિસને પકડાયેલા શખ્સને સોંપી દેતા પોલિસે તેની ધરપકડ કરી ચોરીનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ગેંગના સાગરીતોની ધરપકડ માટે તપાસ તેજ કરી છે.

આરએન લલિતકલા એકેડેમીનો સમૂહ સાંસ્કૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આર.એન. લલિતકલા એકેડેમી દ્વારા સંકુલની ત્રણ ગુજરાતી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. સે. ૨૩ના ખિમજી વિશરામ હોલ ખાતે તા. ૨૫મી ફેબ્રુઆરી રવિવારના રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ કથક નૃત્ય, ભરત નાટ્યમ, શાસ્ત્રીય ગાયન, વેસ્ટર્ન ડાન્સ, સ્કેટીંગ, કરાટે વગેરેની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ ઉપરાંત સંકુલની વિવિધ સંસ્થાઓના આચાર્યો જેમાં ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન ડૉ. વીણાબેન પટેલ, જેબીકુમાર શાળાના નીવાબેન પટેલ, એમબી પટેલ કન્યા શાળાના નીરૂબેન પટેલ, એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમના અર્પિતભાઈ ક્રિશ્ચિયન તથા આર.એન. લલિતકલાના સંચાલિકા દિનાબેન ડોડિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ રજૂ કરેલ ૧૪ કૃતિઓમાં રોશની બ્રહ્મભટ્ટ દ્વારા કથ નૃત્ય, શકુંતલા ઓઝા અને દિવ્યા પંડ્યા દ્વારા ભરત નાટ્યમ, સૌરભ પટેલ તથા ઉષા પ્રજાપતિ દ્વારા શાસ્ત્રીય ગાયન, સંદિપ સોલંકી તથા હની વ્યાસ દ્વારા વેસ્ટર્ન ડાન્સ, વિનય બાડોત દ્વારા સ્કેટીંગ અને કરાટે માટે મનીષ રાજ ભોઈ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ગુજરાતી પ્રાથમિક શાળાના ધો. ૩ થી ૮ના વિદ્યાર્થીઓએ કૃતિઓ રજૂ કરી હતી. જ્યારે સંચાલિકા દિનાબેન ડોડિયાએ સંસ્થાનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન અનિતા વસીતા દ્વારા કરવામાં આવ્યું હતું.

ચિરવિદાય

- સ્વ. તીકાબા ભીખાજી બિહોલા, ઉ.વ. ૬૫
- સ્વ. રણછોડભાઈ રામાભાઈ રબારી, ઉ.વ. ૬૫
- સ્વ. અમૃતજી તખાજી ચૌહાણ, ઉ.વ. ૨૯
- સ્વ. હેમતુજી ચેમાજી ગોહિલ, ઉ.વ. ૭૪
- સ્વ. કાન્તાબેન મીઠાભાઈ પરમાર, ઉ.વ. ૭૦
- સ્વ. જગદીશભાઈ ભોળાભાઈ પટેલ, ઉ.વ. ૬૮